# સુરત મહાનગરપાલિકા

## સ્થાયી સમિતિ

## સુચના

સુરત મહાનગરપાલિકાની **સ્થાયી સમિતિની** અઠવાડિક સાધારણ સભા **બુધવાર તા.૧૯–૩–૨૦૨૫ ના રોજ સવારના ૧૦–૦૦ કલાકે** મહાનગરપાલિકા કચેરીના નવા એનેક્ષી બિલ્ડીંગના **"સ્થાયી સમિતિ સભા ખંડ"** માં નીચે જણાવેલ કામો પર વિચારણા કરવા સારૂ મળશે.

૦૧. મ્યુ.ક.શ્રીનો તા.૭–૩–૨૦૨૫ નો પત્ર, સાઉથ ઈસ્ટ ઝોન, પ્રી.ટી.પી. સ્કીમ નં.૪૧ (ડીંડોલી), ફા.પ્લોટ નં.૬૪ માં આવેલ હયાત આંગણવાડી અને વાંચનાલયના હયાત મકાનને ઉતારી પાડી કાટમાળ લઈ જઈ, લેવલીંગ કરવાના કામે આવેલ કુલ–૫ ટેન્ડરો પૈકી સૌથી ઉંચા ભાવની ઓફર આપનાર ટેન્ડરર ચિસ્તીયા ટ્રેડર્સની રૂા.૧,૮૦,૧૧૦/– (GST સિવાય) ની ઓફર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૨. મ્યુ.ક.શ્રીનો તા.૭–૩–૨૦૨૫ નો પત્ર, સાઉથ ઈસ્ટ ઝોન, ટી.પી. સ્કીમ નં.૦૭(આંજણા), ફા.પ્લોટ નં.૪૫ પૈકીમાં આવેલ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળા નં.૧૯૦, ૧૯૧ ના હયાત મકાનને ઉતારી પાડી, કાટમાળ લઈ જઈ, લેવલીંગ કરવાના કામે આવેલ કુલ–૭ ટેન્ડરો પૈકી સૌથી ઉંચા ભાવની ઓફર આપનાર ટેન્ડરર મિરઝા ડીમોલીશનની રૂા.૧૩,૫૦,૦૯૨/– (GST સિવાય) ની ઓફર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૩. મ્યુ.ક.શ્રીનો તા.૭–૩–૨૦૨૫ નો પત્ર, સાઉથ ઈસ્ટ ઝોનમાં કુંભારીયા ગામતળ ખાતે આવેલ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળા નં.૩૬૪ ના હયાત મકાનને ઉતારી પાડી, કાટમાળ લઈ જઈ, લેવલીંગ કરવાના કામે આવેલ કુલ–૭ ટેન્ડરો પૈકી સૌથી ઉંચા ભાવની ઓફર આપનાર ટેન્ડરર ચિસ્તીયા ટ્રેડર્સની રૂા.૧૦,૦૫,૧૧૦/– (GST સિવાય) ની ઓફર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૪. મ્યુ.ક.શ્રીનો તા.૧૦–૩–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.ના સેન્ટ્રલ ઝોનમાં ગુંબજવાળી મસ્જીદ, એ–વન કોકો પાસે આવેલ ઓપન પ્લોટમાં "પે એન્ડ પાર્ક" પાર્કિંગને લગતી સેવાઓ મુકરર દરે પુરી પાડવાના કામે આવેલ કુલ–૪ ટેન્ડરો પૈકી મહત્તમ ઓફર આપનાર ટેન્ડરર શ્રી કુબેરજી એન્ટરપ્રાઈઝની રૂા.૯,૮૧,૭૮૬/– ની વાર્ષિક લાયસન્સ ફી ની ઓફર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૫. મ્યુ.ક.શ્રીનો તા.૧૧–૩–૨૦૨૫ નો પત્ર, પૂર્વ(વરાછા) ઝોન–એ વિસ્તારમાં આવેલ સુરત–બારડોલી રોડ ઉપર આવેલ પરવત પાટીયા જંકશન ઉપર ફલાય ઓવરબ્રીજ નીચે નિયત કરેલ જગ્યામાં 'પે એન્ડ પાર્ક' ને લગતી સેવાઓ મુકરર દરે પુરી પાડવાના કામે આવેલ એકમાત્ર ટેન્ડરના ટેન્ડરર એચીવ ક્રિએટીવ એજન્સીની રૂા.૫,૨૭,૦૦૯/– ની ઓફર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૬. મ્યુ.ક.શ્રીનો તા.૧૧–૩–૨૦૨૫ નો પત્ર, નવો પૂર્વ(સરથાણા) ઝોન–બી વિસ્તારમાં આવેલ સરથાણા નેચર પાર્કના ગેટની બહારની બાજુ ઓન સ્ટ્રીટ 'પે એન્ડ પાર્ક' માટે નિયત કરેલ જગ્યામાં પાર્કિંગને લગતી સેવાઓ મુકરર દરે પુરી પાડવાના કામે આવેલ એકમાત્ર ટેન્ડરના ટેન્ડરર વાસુ ડેવલોપરની રૂા.૮,૭૫,૦૦૦/– ની વાર્ષિક લાયસન્સ ફી ની ઓફર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

...૨

૦૭. મ્યુ.ક.શ્રીનો તા.૧૧–૩–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.ના નોર્થ ઝોનના મુખ્ય રસ્તાઓ ઉપરના સ્ટ્રીટ લાઈટ પોલ ઉપર કિયોસ્ક મુકી જાહેરાત પ્રદર્શીત કરવાના હકકો ફાળવવાના કામે આવેલ એકમાત્ર ટેન્ડરના ટેન્ડરર બ્રાઈટ પબ્લીસીટીની ટેન્ડરની ઓફર રૂા.૩,૫૦૦/– થી ૭.૨૮% ઉંચી એટલે કે રૂા.૩,૭૫૫/– ની ઓફર મુજબ પ્રથમ વર્ષ માટે રૂા.૩,૭૫૫/– પ્રતિ પોલ પ્રતિ વર્ષ, દ્વિતીય વર્ષ માટે રૂા.૪,૧૩૧/– પ્રતિ પોલ પ્રતિ વર્ષ, તૃતિય વર્ષ માટે રૂા.૪,૫૪૪/– પ્રતિ પોલ પ્રતિ વર્ષ પ્રમાણેની ઓફર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૮. મ્યુ.ક.શ્રીનો તા.૧૧–૩–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં આવેલ નવો પૂર્વ(સરથાણા) ઝોનમાં સમાવિષ્ટ મોટાવરાછા ગામતળ વિસ્તારમાં ચોરા ફળિયા ખાતે જુની આર.સી.સી. ઓવરહેડ પાણીની ટાંકીવાળી મિલ્કતને ઉતારી પાડી માલસામાન લઈ જવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી મહત્તમ ઓફર આપનાર ટેન્ડરર અફસરખાન એચ. પઠાણની રૂા.૩૦,૩૧૩/– ની ઓફર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૯. મ્યુ.ક.શ્રીનો તા.૧૩–૩–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં સાઉથ વેસ્ટ ઝોન વિસ્તારમાં અણુવ્રત ધ્વાર પેટ્રોલ પંપની બાજુમાં આવેલ પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકનું સંચાલન તથા નિભાવની કામગીરી કરવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી ઉંચા ભાવ ભરનાર ટેન્ડરર કલીન ઈન્ડીયા કન્સ્ટ્રકશન એન્ડ મેઈન્ટેનન્સની વાર્ષિક રૂા.૬,૦૦૦/– મુજબ ૫(પાંચ) વર્ષ માટે કુલ રૂા.૩૦,૦૦૦/– ની ઓફર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૦. મ્યુ.ક.શ્રીનો તા.૭–૩–૨૦૨૫ નો પત્ર, વહીવટી સરળતા ખાતર જુદા જુદા અધિકારીશ્રીઓને ધી જી.પી.એમ.સી.એકટ (અધિનિયમ) – ૧૯૪૯ ની કલમ–૭૩(સી) મુજબના કરારો તથા કામોના અંદાજો ખર્ચ કરવા અંગે દરખાસ્તના મુદ્દા નં.(૧) થી (૫) માં જણાવ્યા મુજબ અધિકારીશ્રીઓને સત્તાની સોંપણી કરી મુદત લંબાવવા બાબતે યોગ્ય તે નિર્ણય લેવા બાબત.

૧૧. મ્યુ.ક.શ્રીનો તા.૭–૩–૨૦૨૫ નો પત્ર, ઓપન લુપ સ્માર્ટ કાર્ડ કોમન સીટી પેમેન્ટ સિસ્ટમ(સુરત મની કાર્ડ પ્રોજેકટ) ના ફાયનાન્સીયલ ઈન્સ્ટીટયુટ તરીકે આઈ.સી.આઈ.સી.આઈ. બેંક સાથેનો કરાર સ્થા.સ.ઠ.નં.૫૬૭/૨૦૧૭ થી મંજુર થયેલ શરતો મુજબ તા.૨૪–૫–૨૦૨૫ સુધી લંબાવવા બાબત.

૧૨. મ્યુ.ક.શ્રીનો તા.૧૧–૩–૨૦૨૫ નો પત્ર, લો ઓફીસર, સુરત મહા.ના તા.૧૩–૨–૨૦૨૫ ના અભિપ્રાય અને તે મુજબ ઈજારદાર એમ.એચ.ખનુસીયા ધ્વારા આપવામાં આવેલ રૂા.૩૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર નોટરાઈઝ ઈન્ડેમનીટી બોન્ડ/બાંહેધરી પત્ર ધ્યાને લઈ, સુરત મહા.ના સેન્ટ્રલ ઝોનના કામે નિમણુંક પામેલ અને વિવિધ વિભાગો/ઝોન/ખાતાઓના કામે નિમણુંક પામેલ/પામનાર ઈજારદાર એમ.એચ.ખનુસીયાના કામો બાબતે ઈજારદાર એમ.એચ.ખનુસીયા (M.H.Khanusiya) નું નામ બદલીને "એમએચકે બિલ્ડકોન એલએલપી"(MHK Buildcon LLP) કરવાની ઈજારદારની અરજી/રજુઆત માન્ય રાખવા તથા સદર ઈજારદારના સુરત મહા.ના હસ્તકના તમામ પૂર્ણ થયેલ/પ્રગતિ હેઠળના કામોએ અને રનીંગ બીલ/ફાઈનલ બીલ/એસ.ડી./ઈ.એમ.ડી. ચુકવવાની બાકી હોય તેવા તમામ કામોએ ઈજારદાર એમ.એચ.ખનુસીયા (M.H.Khanusiya) ને બદલે હવે પછી "એમએચકે બિલ્ડકોન એલએલપી" (MHK Buildcon LLP) કરવા તદુપરાંત તેઓ સાથે સદર ઠરાવ થયાની તારીખ બાદ થનાર તમામ પત્ર વ્યવહાર, નાણાંકીય ચુકવણું/વ્યવહાર, અનુભવના સર્ટીફીકેટ, કરાર, જવાબદારીઓ કરાર/કરાવવા/તબદીલ કરવા વિગેરે તથા તેને આનુસાંગિક તમામ કાર્યવાહીઓ કરવા માટે સદરહું બદલાવને ધ્યાને લેવા તથા ભવિષ્યમાં અન્ય આનુસાંગિક કાર્યવાહી કરવા અંગે યોગ્ય નિર્ણય લેવા બાબત.

૧૩. મ્યુ.ક.શ્રીનો તા.૧૩–૩–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.ના નોર્થ ઝોન વિસ્તારમાં આવેલ સિનીયર સીટીઝન સેન્ટરના યોગારૂમ તથા કોમન વપરાશ મામલતદાર કતારગામ તાલુકાના એ.ટી.વી.ટી. કેન્દ્ર માટે દરખાસ્તમાં જણાવેલ શરતોને આધિન ફાળવવા બાબત.

૧૪. મ્યુ.ક.શ્રીનો તા.૧૩–૩–૨૦૨૫ નો પત્ર, સુરત મહા. સંચાલિત સુમન માધ્યમિક શાળા સેલ ખાતે નવા શૈક્ષણિક સત્રથી તેમજ નવા શાળાના ભવન શરૂ થયેથી વહીવટી તેમજ શાળા સંચાલન અને વ્યવસ્થાપનની કામગીરી માટે આચાર્યની કુલ–૧૦ જગ્યા દરખાસ્તના પત્રક–૧ માં જણાવેલ વિગતે પ્રવર્તમાન લાયકાત અને પગારધોરણમાં કાયમી ધોરણે ઉપસ્થિત કરવા તેમજ સુમન માધ્યમિક સેલના મહેકમ શીડયુલમાં તેટલે અંશે સુધારો કરવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૧૫. મ્યુ.ક.શ્રીનો તા.૧૫–૩–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં ડ્રોન ધ્વારા એરીયલ સર્વે કરી બ્રિડીંગ સ્પોટ શોધી મેન્યુઅલી જંતુનાશક દવાનો છંટકાવ શકય ન હોય તેવા વિસ્તારોમાં દવાનો છંટકાવ કરવાના કામે આવેલ કુલ–૪ ટેન્ડરો પૈકી કવોલીફાય થયેલ કુલ–૨ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર Prime UAV Pvt. Ltd. નું Aerial Survey of Surat Municipal Corporation area and data processing માટે Per Sq.Km રૂ.૩૭,૦૦૦/– લેખે કુલ અંદાજીત ૧૫૦ Sq. Km કુલ રૂ.૫૫,૫૦,૦૦૦/– (Excluding GST) તેમજ Use of Heavy duty aerial machine for larviciding appllication માટે Per Hours રૂ.૩,૯૫૦/– લેખે કુલ ૩૦૦ Hours કુલ રૂ.૧૧,૮૫,૦૦૦/– (Excluding GST) તેમજ Cloud-base platform subscription (for 1 year) for data monitoring માટે Per Package Rs.1-00(Excluding GST) મળી કુલ રૂ.૬૭,૩૫,૦૦૧/– (Excluding GST) નું ટેન્ડર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૬. મ્યુ.ક.શ્રીનો તા.૧૮–૨–૨૦૨૫ નો પત્ર, ન.પ્રા.શિ.સમિતિ, સુરતનું સને ૨૦૨૪–૨૫ નું રૂ.૧૧૭૨,૨૨,૨૭,૦૦૦/– નું સુધારેલ અને સને ૨૦૨૫–૨૬ નું રૂ.૧૦૫૮,૬૫,૦૭,૦૦૦/– નું આવક અને ખર્ચનું પ્રાથમિક કેળવણી ફંડનું અંદાજપત્ર મંજુર કરવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૧૭. મ્યુ.ક.શ્રીનો તા.૧૯–૨–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.નું નાણાંકીય વર્ષ ૨૦૨૪–૨૦૨૫ નું "સુધારેલ અંદાજપત્ર" તેમજ નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૦૨૬ માટે સમગ્ર સુરત શહેરના વિસ્તારને લાગુ પડતા "ડ્રાફટ અંદાજપત્ર" મંજુર કરવા તેમજ ડ્રાફટ અંદાજપત્ર રજૂ કરવામાં થયેલ વિલંબ 'કોન્ડોન' કરવા સા.સભાને ભલામણ કરવા બાબત.

આ દે શ થી,

Sonje M.P.
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા.

મહાનગરપાલિકા કચેરી,
સુરત, તા.૧૫–૩–૨૦૨૫.

ANAHITA.

**ખાસ નોંધ :– સુરત મહાનગરપાલિકા ધ્વારા આપવામાં આવેલ લેપટોપ અને પેનડ્રાઈવ (ન.પ્રા.શિ.સમિતિ તથા મહા.ના અંદાજપત્રની સોફટ કોપી) સભામાં સાથે લાવવા વિનંતી.**